## -:: જાહેર નિવિદા :-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામ માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/ એજન્સી પાસેથી ઓફલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનુ નામ | કામની અંદાજીત કીમત (રૂ.) | ટેન્ડર ફી (રૂ.) | ઈ.એમ.ડી. રકમ (રૂ.) | ટેન્ડર ભરવાનુ શરૂ થવાની તારીખ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | બીડ સબમિટ કરવાની છેલ્લી તારીખ | બીડ ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગૌરીશંકર તળાવ,ખોડીયાર તળાવ તથા બીલ્ડા હેડ વર્કસના દરવાજાને ઓઈલીંગ ગ્રીસીંગ તેમજ પિરમોન્સુનની કામગીરી બાબત | 419860/- | 600/- | 4198/- | 01/05/2025 | 08/05/2025 | 08/05/2025 | 09/05/2025 |

કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ

E.D.P. - NA KAAMONO JAHERAAT BABAT 28-04-2025

# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

વોટર વર્કસ વિભાગ
ફોન નં.(૦૨૭૮) ૨ ૪૩૦ ૨૪૭

ટેન્ડર નંબર –

## પર્સન્ટેજ રેઈટ ટેન્ડર

**કામનુંનામઃ– ગૌરીશંકર તળાવ,ખોડીયાર તળાવ તથા ભીકડા હેડ વર્કસના દરવાજાને ઓઈલીગ ગ્રીસીંગ તેમજ પ્રિમોન્સુનની કામગીરી બાબત**

| | |
|---|---|
| કામની અંદાજીત રકમ | :– રૂા. ૪,૧૯,૮૫૦/- |
| ખર્ચનો હેડ | :– |
| ટેન્ડર ફી રૂા | :– રૂા. ૬૦૦ /– |
| ટેન્ડર સાથેની ભરવાની ૧ % ડીપોઝીટ | :– રૂા. ૪,૧૯૮/- |
| ટેન્ડર ઈસ્યુ કર્યા તારીખ | :– |
| ટેન્ડર પરત કરવાની આખરી તારીખ | :– |
| કોન્ટ્રાકટરનું નામ | :– |
| સરનામું | :– |
| કાન્ટ્રાકટરશ્રીનો મો.નંબર | :– |
| ટેન્ડર ફી ની રકમ તથા પહોચ નંબર | :– |
| ટેન્ડર પહોંચતા કરવાનું સરનામું | :– કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,<br>વોટર વર્કસ વિભાગ,<br>મહાનગરપાલિકા, ભાવનગર. |

કામનુંનામઃ– ગૌરીશંકર તળાવ,ખોડીયાર તળાવ તથા ભીકડા હેડ વર્કસના દરવાજાને ઓઈલીંગ ગ્રીસીંગ તેમજ પ્રિમોન્સુનની કામગીરી બાબત

એજન્સીનું નામ :–

| ક્રમ | આઈટમ | જથ્થો | એકમ | ભાવ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | **ભાવનગર મહાનગરપાલિકા હસ્તકનાં તળાવો તેમજ હેડવર્કસ પર ઓટોમેટીક કાઉન્ટર વેઈટ ટાઈપ ગેઈટસ બારી ટાઈપ સ્લાઈડીંગ ગેઈટસ તથા સ્લુસ વાલ્વ આવેલ છે. જેને ફકત ગ્રીસીંગ કરવાનું સુચના અને સ્પેસીફીકેશન મુજબનું કામ.** | | | | |
| | **(A) ગૌરીશંકર તળાવના તમામ દરવાજા** | | | | |
| | (B) દુખીશ્યામ આશ્રમ પાસેની નવી કેનાલ પરનાં સ્લાઈડીંગ દરવાજા | ૩ | નંગ – ૧ | ૧૬૫૦ | ૪૯૫૦ |
| | **(C) ખોડીયાર તળાવના તમામ દરવાજા** | | | | |
| | (i) કાઉન્ટર વેઈટ ટાઈપ દરવાજા સાઈઝ (ii) ૧૦'–૦" × ૩'–૬" | ૪૫ | નંગ – ૧ | ૯૩૦ | ૪૧૮૫૦ |
| | (ii) ઈન્ટેક : સ્લુસ વાલ્વ સાઈઝ ૬૦૦ મી.મી.ડાયા. | ૪ | નંગ – ૧ | ૮૫૦ | ૩૪૦૦ |
| | **(D) ભીકડા હેડવર્કસના તમામ દરવાજા** | | | | |
| | (i) કેનાલ સ્લાઈડીંગ દરવાજા સાઈઝ અંદાજે ૫'–૬" × ૮'–૦" | ૧૭ | નંગ – ૧ | ૨૪૫૦ | ૪૧૬૫૦ |
| | (ii) કેનાલ સ્લાઈડીંગ દરવાજા સાઈઝ અંદાજે ૪'–૮" × ૩'–૮" સ્કાવર સાથે | ૬ | નંગ – ૧ | ૧૦૫૦ | ૬૩૦૦ |
| ૨ | ભાવનગર મહાનગરપાલિકા હસ્તકનાં તળાવો તેમજ હેડવર્કસ પર ઓટોમેટીક કાઉન્ટર વેઈટ ટાઈપ ગેઈટસ બારી ટાઈપ સ્લાઈડીંગ ગેઈટસ તથા સ્લુસ વાલ્વ આવેલ છે. જેને ફકત ઓઈલીંગ કરવાનું સુચના અને સ્પેસીફીકેશન મુજબનું કામ. | | | | |
| | **(A) ગૌરીશંકર તળાવના તમામ દરવાજા** | | | | |
| | (i) થાપનાથ કાઉન્ટર વેઈટ ટાઈપ દરવાજા સાઈઝ (ii) ૨૦'–૯" × ૪'–૯" | ૭ | નંગ – ૧ | ૬૨૦ | ૪૩૪૦ |
| | (ii) કાળીયાબીડ કાઉન્ટર વેઈટ ટાઈપ દરવાજા સાઈઝ ૩૧'–૦" × ૪'–૯" | ૧૮ | નંગ – ૧ | ૬૨૦ | ૧૧૧૬૦ |
| | **(B) ભીકડા હેડવર્કસના તમામ દરવાજા** | | | | |
| | કાઉન્ટર વેઈટ ટાઈપ દરવાજા સાઈઝ અંદાજે ૧૯'–૩" × ૩'–૯" | ૧૦ | નંગ – ૧ | ૬૨૦ | ૬૨૦૦ |
| ૩ | ગૌરીશંકર તળાવ / ખોડીયાર તળાવ / ભીકડા હેડ વર્કસ નાં પાળાઓ પર ઉગેલ બાવળ,ઝાડીજાંખરા દુર કરવા તેમજ હયાત ફેન્સીંગ વાયરને રી–ફીટીંગ કરવા માટે તેમજ જરૂર જણાયે રાત્રીના સમયે વિભાગની સુચના અનુસાર દેખરેખ રાખવા માટે જરૂરી બેલદારો સપ્લાય કરવાનુ કામ. | ૧૫૦ | ૧ બેલદાર ૮ – કલાક માટે | ૧૦૦૦ | ૧૫૦૦૦૦ |
| ૪ | ગૌરીશંકર તળાવની હિલપાર્ક કેનાલ અને ભીકડા બેઝીનમા પાણીની આવકને અવરોધરૂપ બાવળ, ઝાડીજાંખરા દુર કરવા, માટીનુ લેવલીંગ કરવા જે.સી.બી.મશીન ભાડે આપવાનુ કામ. | ૧૨૦ | ૧ – કલાક | ૧૨૫૦ | ૧૫૦૦૦૦ |
| | | | | | |
| | | | | Sub Total Rs. | ૪૧૯૮૫૦.૦૦ |
| | | | | | |

નાયબ કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

A.A.E.

કાર્યપાલક ઈજનેર
વોટર વર્કસ વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

## – : : આઈટમનું ડીટેઈલ સ્પેસીફીકેશન :: –

**૧. ગેઈટસ / દરવાજા ને ગ્રીસીંગ / ઓઈલીંગનુ કામ.**

ભાવનગર મહાનગરપાલિકા હસ્તકનાં તળાવો તેમજ હેડવર્કસ પર ઓટોમેટીક કાઉન્ટર વેઈટ ટાઈપ ગેઈટસ બારી ટાઈપ સ્લાઈડીંગ ગેઈટસ તથા સ્લુસ વાલ્વ આવેલ છે. ઓટોમેટીક ગેઈટનાં બુશીંગ,બેરીંગ વિગેરે પર લાગેલ જુનુ ઓઈલ,ગ્રીસ,કાટ દુર કરી રસ્ટ રીમુવરથી સાફ સફાઈ કરી થ્રેડેડ ભાગમાં ઓઈલ તથા ગ્રીસ લગાવી તથા ગ્રીસ પોઈન્ટમાં ગ્રીસ ગનથી પુરતા પ્રેસરથી વિડોલ કે સર્વો પ્રખ્યાત કંપનીનું ગ્રીસગન ધ્વારા ભરી આપવાનું તથા થ્રેડેડ પુર્જામાં ઓઈલ પુરતા પ્રમાણમાં પુરવાનું રહેશે તેમજ દરેક દરવાજા – વાલ્વ ઈજી ખોલ બંધ થાય તેમ માણસો ધ્વારા અત્રેનાં અધિકૃત કર્મચારીની હાજરીમાં ખોલ બંધ કરાવી ચેક કરાવી આપવાનું રહેશે. ગ્રીસીંગ ઓઈલીંગ ઓવરઓલ સર્વિસ કર્યા બાદ દરવાજા કે વાલ્વ પર બિન જરૂરી વધારાનું ઓઈલ ગ્રીસ દુર કરી સફાઈ કરવા સાથે કંપલીટ દરવાજા,ગેળટ વાલ્વનું ઓઈલ ગ્રીસીંગનું સુચના અને સ્પેસીફીકેશન મુજબનું કામ. આ કામો માટે તમામ હથિયારો કોન્ટ્રાકરશ્રી ધ્વારા પુરા પાડવાનાં રહેશે. ભાવ એક નંગ મુજબ ગણત્રીમાં લેવાનો રહેશે.

**૨. ગેઈટસ / દરવાજા ને ઓઈલીંગનુ કામ.**

ઉપરોકત આઈટમ નં. –૧ મુજબ માં ફકત ઓઈલીંગ કરવાનુ કામ. ભાવ એક નંગ મુજબ ગણત્રીમાં લેવાનો રહેશે.

**૩. માટી પાળા પર ઉગેલા બાવળ તથા ઝાડી ઝાંખરા દુર કરવા માટે લેબર સપ્લાય કરવાનું કામ.**

ભાવનગર મહાનગર સેવા સદન હસ્તક આવેલ તળાવો પર સફાઈ માટે તથા માટી પાળા પર ઉગેલા બાવળ તથા ઝાડી ઝાંખરા દુર કરવા માટે લેબર સપ્લાય કરવાનું કામ. કામ દરમિયાન તગારા, પાવડા, ત્રિકમ, કોદાળી, વગેરે હથિયારો કોન્ટ્રાકર ધ્વારા સપ્લાય કરવા સાથેનું કંપલીટ કામ. ભાવ લેબર / એક દિવસનો સમજવો.

૪. ગૌરીશંકર તળાવ , ખોડીયાર તળાવ, ભીકડા હેડ વર્કસ વગેરે ખાતે જે.સી.બી. મશીન ધ્વારા સુચના મુજબનું ખોદાણકામ, પુરાણકામ, જંગલ કટીંગ, લેવલીંગ કરી આપવાનું તથા જે.સી.બી. મશીન ધ્વારા જે કામ થઈ શકે તેવા તમામ કામો કરી આપવા સાથેનું કંમ્પલીટ કામ. (ડીઝલ ડ્રાઈવર વિગેરે તમામ વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે.)

ઉપરોકત તમામ સ્પેસીફીકેશન અમોએ વાંચી, વંચાવી, સમજી, વિચારીને ટેન્ડરમાં ભાવો ભરેલ છે. જે મુજબ અમો કામ કરવા બંધાઈએ છીએ.

કોન્ટ્રાકટરશ્રીની સહિ

કોન્ટ્રાકટરશ્રીનું પુરૂ નામ

કોન્ટ્રાકટરશ્રીનો સિકકો

તારીખઃ–

## –:: શરતો ::–

૧) ટેન્ડર માં જણાવેલી આઈટમ સિવાય બીજી આઈટમ કરવી પડે તો આનાકાની વગર કરી આપવુ મારે કબૂલ છે. અને તેના ભાવ શ્રી કમિશ્નર સાહેબ ઠરાવે તે લેવા મારે કબુલ મંજુર છે.

૨) સદરહુ કામ વર્ક ઓર્ડર મળ્યેથી તુર્તજ કામ શરૂ કરી આપવાનું છે. વર્ક ઓર્ડર/ LOA તારીખ થી ૩૦ – દિવસ ની મુદત માં કામ પૂર્ણ કરી આપવા બંધાઉ છું.

૩) સદરહુ કામના ટેન્ડર ની શરતો તથા સ્પેશીફીકેશન વિગતો વિગેરે બરોબર સમજી અમોએ આ ટેન્ડર ભર્યુ છે. એટલે કે તે મુજબ કાંઈપણ વાંધા વગર કામ કરી આપવા બંધાઉ છું અને આ બાબત ની પુરતી સમજુતી મળ્યા ની ખાતરી ટેન્ડર તથા સ્પેશીફીકેશન માં અમોએ સહી કરી આપી છે. તે અમારે કબુલ મંજુર રહી છે.

૪) ઉપરોકત ભાવે આ કામ કરવા મને વર્ક/ઓર્ડર આપવામાં આવશે તો હું આ કામ કરવા બંધાઉ છું. અને જો કોઈ સંજોગોમાં હું આ કામ ન કરુ તો મહાનગરપાલિકામાં આ કામ માટેની ભરપાઈ કરેલ તમામ પ્રકાર ની તમામ ડીપોઝીટ ની રકમ ઝારફીટ કરવા મહાનગરપાલિકા હકકદાર રહેશે અનેમ્યુ, કોર્પો અમોને બ્લેક લીસ્ટ કરવા હકકદાર રહેશે.

૫) ટેન્ડર ખોલવાની તારીખ થી છ માસની સમય મર્યાદામાં મને વર્ક–ઓર્ડર આપવામાં આવશે તો હું ભરેલ ભાવે મહાનગરપાલિકા ના સ્પેશીફીકેશન મુજબ આ કામ કરી આપવા હું બંધાઉ છું.

૬) મહાનગરપાલિકા ના પ્રર્વતમાન નિયત,ધારા – ધોરણ અનુસાર, કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે જરુરી સ્ટેમ્પ પેપર લાવી ધોરણસર નું લખાણ સાથે ડીપોઝીટ–એગ્રીમેન્ટ કરવાના રહેશે. જે અંગેની જરુરી માહિતીમ્યુ.કોર્પો. ના વોટર વર્કસ વિભાગે થી રૂબરૂ મેળવવાની રહેશે.

૭) સદરહુ કામ ટેન્ડર પ્રમાણે તથા હવે પછી વધારે વિગતવાર કામ બતાવવામાં આવે તે પ્રમાણે તેમની પસદંગી મુજબ બરાબર મજબુત અને સારી કારીગરીમાં કરવાનુ રહેશે.

૮) સદરહુ કામના આઈટમો માં ફેરફાર અથવા કોઈ જથ્થામાં વધારો ઘટાડો કરવો પડે તો તેમ કરવાને કાર્યપાલક ઈજનેર સાહેબ મુખત્યાર છે અને તે પ્રમાણે કોન્ટ્રાકટરે કંઈ વાંધો લેવાશે નહી. અગર એવો ફેરફાર અગર વધારો ઘટડો ધોરણસર મંજુર થાય ત્યારે તે પ્રમાણે થયેલ કામનું માપ ભરેલા ભાવ મુજબ મજરે આપવામાં આવશે. અગર જરૂર જણાશે તો તેમનો ભાવ શ્રી કમિશ્નર સાહેબ મુકરર કરશે અને તે ઠરાવ છેવટનો ગણાશે.

૯) શ્રી કોન્ટ્રાકટરે કોઈ કામ પેટા કોન્ટ્રાકટરની પાસે થી કરાવાશે નહી. પરતું તે કામ હોશીયાર કારીગરોને રોજે રાખી કોન્ટ્રાકટરે કરાવવું પડશે.

૧૦) અગત્યના કામનો કોઈપણ ભાગ ટેન્ડરમાં રહી ગઈ હોય તો પણ તે કોન્ટ્રકટ માં કરેલ છે. તેમ સમજી બીજા કામની માફક તે મજબુત રીતે સારી કારીગરી થી કરી આપવુ અને તેવાનો ભાવ ઠરાવેલા ભાવ પ્રમાણે આપવામાં આવશે.

૧૧) તમામ કામ ઉપર લખેલી મુદત પ્રમાણે અગર તે અગાઉ પસંદગી ને પાત્ર ઠરે તેવી રીતે બરોબર પુરુ કરવું. ઉપર લખેલી મુદત ઉપરાંત વધારે દિવસ થાય તો પેનલ્ટી પેટે જેટલા દિવસ વધારે થાય તેટલા દરેક દિવસ ના ટેન્ડર રકમ ના ૦.૧ ટકા મુજબ ની રકમ કોન્ટ્રાકટર મજકૂર આપશે પરતું બીજુ વધારે કામ કરાવવું પડે તેવા કામ માટે અરજી કર્યે થી શ્રી કમિશ્નર સાહેબ મુળ કામ અને મુદત ઉપર સુરત રાખી યોગય મુદત વધારી શકાશે આપશે.

૧૨) સદરહુ કામ પુરુ થતાં સુધીને માટે જઈતા તમામ સાધનો ઓજાર, રાચ વિગેરે સામાન્ય કોન્ટ્રેકરે પોતાના તરફથી પુરો પાડવો. ઉપરાંત દરેક જાતના સામાન કે રાચ શ્રી કાર્યપાલક ઈજનેર ની પરવાનગી વગર કામના સ્થળ ઉપર થી ઉઠાવી લઈ જવા નહી.

૧૩) કોન્ટ્રેકટરે સદરહુ કામ કરવા ઉપર માણસો અથવા માણસ રાખેલા હશે તેમના કોઈની ગેરમાહિતી અગર ગેરચાલ માલુમ પડશે તો તેઓ ને રજા આપવાને શ્રી કાર્યપાલક ઈજનેર કુલ મુખત્યાર છે. ત્યારબાદ સદરહુ માણસ અથવા માણસો ને શ્રી કમિશ્નર સાહેબની પરવાનગી સિવાય પાછા કામ ઉપર રાખી શકાશે નહી.

૧૪) સદરહુ કામમાં કોઈ ભાગને અથવા સામાનને ગફલતે લઈને અગર હરકોઈ કારણ થી નુકશાન થાય તો કોન્ટેકટરને શીરે છે અને તે દુરસ્ત કરવા વિગેરે માટેનો ખર્ચ થાય તે પોતાના તરફ થી કરશે.

૧૫) આ કામનો કોન્ટ્રેકટર દેવાળું કાઢશે અગર શ્રી કમિશ્નર સાહેબ / શ્રી કાર્યપાલક ઈજનેર ની પસદંગી પ્રમાણે કામ પુરૂ કરવાને ના કહે અથવા વિલંબ કરે તો પંદર દિવસની લેખીત નોટીસ આપી તે કોન્ટ્રેકટરને (કલમ ૧૨ નો અમલ કરી) રદ કરવા માટે મ્યુ.કોર્પો. મુખત્યાર છે.

૧૬) કોઈ બાબત ઉપર કંઈ તકરાર પડે તો તે બાબત ઉપર શ્રી કમિશ્નર સાહેબ જે ઠરાવ કરે તે છેવટનો ગણાશે.

૧૭) કોન્ટ્રેકટરે સદરહુ કામ ઉપર રાખેલ મજુરો વિગેરે ને બરાબર રીતે નાણાની ચુકવણી કર્યા બાબત શ્રી કમિશ્નર સાહેબ ને ખાતરી કરાવી આપવી પડશે. તેમ નહી થયાનું જાહેર થશે તો કોન્ટ્રેકટરને નાણા મળવામાં અટકાયત કરવામાં આવશે.

૧૮) કોન્ટેકટર પોતાના બીલના નાણા લેવાનું મુખત્યારનામું શ્રી કમિશ્નર સાહેબ ની મંજુરી થી આપશે તો પણ જોખમદારી તો કોન્ટ્રકટરને શીરે જ રહેશે અને આપેલું મુખત્યારનામું પાછળ થી શ્રી કમિશ્નર સાહેબ ની મંજુરી સિવાય રદ કરાવી કે ફેરવી શકાશે નહી.

૧૯) આ કોન્ટ્રેકટ અમો કોન્ટ્રેકટ રાખ્યા બાદ સામાનનાં અગર મજુરીના જે કંઈ ભાવો વધઘટ થાય તેને અંગે જો અમે કોઈ જાતની ભાવ વધારી આપવાની માંગણી કરીએ તો તે અમારી રદ બાતલ છે.

૨૦) ડીપોઝીટ ની રકમ કોન્ટ્રકટર હસ્તક નું આખરી કામ પૂર્ણ થયા બાદ ડીફેકટ લાયેબીલીટી પીરીયડ આ કામ પૂર્ણ થયાની તારીખ થી એક માસ બાદ કરેલ માંગણી મુજબ પરત કરવામાં આવશે.

૨૧) જે તે કામનો ડીફેકટ લાયેબીલીટી પીરીયડ આ કામ પૂર્ણ થયાની તારીખ થી એક માસ નો રહેશે. કોઈપણ પ્રકાર ની નુકશાની, સેટલમેન્ટ, લીકેજ તથા અન્ય પ્રકાર ની ખામી આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડના સમયગાળા દરમિયાન જોવામાં આવશે તો ભાવનગર મહાનગરપાલિકા ની સુચના મળ્યે થી કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે ટુંકા સમય ગાળામાં વ્યવસ્થિત રીપેર કરી સારૂ કરી આપવાનું રહેશે. જો ભાવનગર મહાનગરપાલિકા ની સુચનાઓ મુજબની આઈટમો મુજબ કોન્ટ્રાકટર નુકશાનીઓ સુધારવામાં નિષ્ફળ જશે તો ભાવનગર મહાનગરપાલિકા – સદર કામ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે અન્ય પાસે રીપેર કરાવી અને થયેલા ખર્ચ ની રકમ વસુલ કરવામાં આવશે.

૨૨) કામની સાઈટ ઉપર જે કાંઈ અકસ્માત કે અનીચ્છીય બનાવ બને તે અંગેની બધી જવાબદારી કોન્ટ્રાકટરની રહે છે.

૨૩) કોન્ટ્રાકટરે પ્રર્વતમાન તમામ મજુર કાયદાઓની જોગવાઈઓ મુજબ અમલ કરવાનો રહેશે.

૨૪) કામ અને મટીરીયલ્સનું સ્પેશીફીકેશન, જો બીજી કોઈ રીતે દર્શાવવામાં ન આવ્યુ હોય તો તે કામ ની આઈટમઅનેમટીરીયલ્સ ના પ્રર્વતમાનરીલેવન્ટ આઈ. એસ.સ્પેશીફીકેશન અનુસાર નું ગણવા નું છે.

૨૫) કોઈપણ કારણ બતાવ્યા સિવાય આ ટેન્ડર અથવા તેની કોઈપણ આઈટમ ના એક કરતા વધુ ભાગ કરીને અન્ય કોન્ટ્રાકટર અથવા એજન્સી ને કામ આપી શકશે.

૨૬) કામની સાઈટ પર કામ કરતા સમયે કોઈપણના જાન–માલને હાની થાય તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આમ ન બને તે માટે કોન્ટ્રકાટરે સ્વખર્ચે જરુરી યોગ્ય પુર્વ પગલાઓ લઈ તમામ જરુરી યોગ્ય પુરતી વ્યવસ્થા કરવાની રહેશે.

૨૭) કોન્ટ્રાકટરના અનુસંધાનમાં કે તે સિવાયના અથવા કામ કરવાની બાબત માં ઉપસ્થિત થતા તમામ પ્રકારના વાંધાઓ, કોઈપણ પ્રકાર ના મતભેદો કે તકરારો, તે તમામ ને સાંભળવા અને તેનું સમાધાનમ્યુનિ કમિશ્નર ભાવનગર ધ્વારા કરવામાં આવશે.મ્યુનિ કમિશ્નર ભાવનગર, કેવળ એક માત્ર લવાદ રહેશે અને તેના ધ્વારા લેવામાં આવેલ નિર્ણય બન્ને પક્ષ કોન્ટ્રાકટર અને ભાવનગર મહાનગરપાલિકા ને બંધનકર્તા રહેશે. સમય તે આ કોન્ટ્રાકટનું મુળ હાર્દ છે.

૨૮) કોન્ટ્રાકટર ના મજુર અને કર્મચારીઓ માટે રહેઠાણની જરુરી વ્યવસ્થા કોન્ટ્રાકટરે સ્વખર્ચે અને જોખમે કરવાની રહેશે.

૨૯) આ કામ માટેકોન્ટ્રાકટરે સ્વ ખર્ચે અને જોખમે જરુરી તમામ પ્રકારના પુરતા પ્રમાણમાં સાધનો, સરંજામ, અને સ્કેફોલ્ડીંગ્ઝ તથા બાંધકામ મશીનરી ની વ્યવસ્થા કરવાની છે. તથા સમય મર્યાદામાં કામ પુરુ કરવા માટે તમામ મશીનરી ને સારી કન્ડીશન માં મેઈન્ટેન કરવાની છે. તમામ મટીરીયલ્સ, સાધનો, સ્કેફોલ્ડસ, અને સામગ્રી કામની સાઈટ સ્થળે લાવ્યા પછી ભાવનગર મહાનગરપાલિકા ની મંજુરી સિવાય હટાવવાની નથી.

૩૦) જી.એસ.ટી. સેલ્સ ટેક્ષ, ઈન્કમ ટેક્ષ, રોયલ્ટી અથવા અન્ય લાગુ પડતા ટેકસીઝ અથવા ઈ.એસ.ઈ. પ્રિમીયમ વિગેરે જો કોઈ લાગુ પડતા હોય તો, તે તમામ કોન્ટ્રાકટ ધ્વારા ભરપાઈ કરવાના રહેશે. અને ભાવનગર મહાનગરપાલિકા આ અંગે નો કોઈ દાવો સાંભળશે નહિં.

૩૧) થયેલા કામ અનુસાર ની કોઈ આઈટમ માટે રનીંગ બીલ ધ્વારા રકમ ચુકવણી થવાથી તે કામ અને આઈટમ માન્ય રખાયેલ છે. તેવું માની લેવાનું તથા કામ ની ગુણવત્તા સુધારવાની કોન્ટ્રાકટર ની જવાબદારી માંથી કોઈપણ રીતે મુકતી આપતું નથી.

૩૨) કામ કરવાના કલાકો અને દિવસના સવારના ૯.૦૦ થી ૧૮.૦૦ કલાક સુધી પ્રમાણે કામ ચાલુ રાખવાનું છે. તેમજ જાહેર રજા ના દિવસો માં કામ કરવાનુ રહેશે નહી અને જો એકસ્ટ્રા સમયમાં કઈપણ કામ કરવાનું ચાલુ રાખવાનું હશે તો તે માટે પ્રથમ સબંધીત સત્તા ની લેખિત મંજુરી મેળવ્યા બાદ કામ ચાલુ રાખવા દેવામાં આવશે.

૩૩) કામ પૂર્ણ થયે સાઈટ તદ્દન કલીયર કરી આપવાની છે.જેની લેખીત માં હકીકત જાહેર માં કરવાની રહેશે.

૩૪) કામ પર સૂચના લેવા માટે કોન્ટ્રાકટરે પોતે જાતે કાયમ હાજર રહેવુ પડશે. અથવા કોઈ જવાબદાર ટેકનીકલી કવોલીફાઈડ માણસે કાયમ હાજર રહેવુ પડશે. અને તેવો માણસ ફરમાન અનુસારકામ નહી કરે તો તેને કામ પરથી રજા આપવામાં આવશે. કોન્ટ્રાકટર તરફથી રોકવામાં આવેલ આ માણસને આપવામાં આવેલ સુચના કોન્ટ્રાકર ને આપ્યા બરાબર ગણાશે.

૩૫) સબંધીત સત્તાના લેખીત હુકમ અને પહેલેથી ભાવ નકકી કરાવ્યા સિવાય કોઈપણ પ્રકારનું "એકસ્ટ્રાકામ" કરવાનું નથી.

૩૬) કામ ઉપરની સુચનાઓ, સ્પેસીફીકેશન સાથે અસંમત હશો તો પણ તે સુચનાઓ કામ સંતોષકારક રીતે પુરૂ કરવા માટે આપવામાં આવેલ ગણાશે. જો કોઈ કામ સ્પેસીફીકેશનના ભાવાર્થ થી બહાર હોવાનું જણાય તો તુરતજ તે માટે તેમણે સબંધીત સત્તાને લેખીત ખબર આપી દેવાની છે. તે માટે ભાવ ઠરાવી લેવાનો છે. નહી તો પાછળથી એકસ્ટ્રા કામ માટે નો દાવો બીલકુલ ચાલશે નહી.

૩૭) કામનો પ્રોગ્રેસ દરમિયાન કામમાં ફેરફાર કરવો કે કામમાં વધારો ઘટાડો કરવા, એકસ્ટ્રા આઈટમ કરવા સબંધીત સત્તા મુખત્યાર છે. અને કોન્ટ્રાકટર તે પ્રમાણે કરી આપવા માટે બંધાયેલા છે. જે માટે કોઈ કલેઈમ કે વાંધા અરજી ચાલશે નહી.

૩૮) સદરહું કામ માટે જે પ્રકારનું મજુરી કામ કરવાનું હોય તે પ્રકારના કામ માટે સારા માં સારા કારીગરો / રોજમદારો રાખી કામ કરવાનું છે. નબળા કારીગરો ને કામ ઉપરથી તુરતજ રજા આપવામાં આવશે.

૩૯) કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે સવાલ વાળી સાઈટની સ્થળ સ્થિતી ની મુલાકાત લઈ જરૂરી અભ્યાસ કરી લેશે.

૪૦) કોન્ટ્રાકટર / ટેન્ડર ભરનારે તેઓની અનુકુળતા અનુસાર આ પોઈંટમાંથી સાઈટ(સ્થળે) જરૂરી અન્ય સ્થળોએ જરૂરી વિજળી અને યોગ્ય પાણીની વિતરણ વ્યવસ્થા સ્વ ખર્ચે અને જોખમે પોતાની રીતે ગોઠવવાની રહેશે. આ બંને સુવિધાના થતો વપરાશના ચાર્જીસ કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે ભરપાઈ કરી આપવાના રહેશે.

૪૧) કોન્ટ્રાકટમાં આવરી લેવામાં આવેલું તમામ કામ, કોન્ટ્રાકટર/ટેન્ડર ભરનારે સ્વયં બાંધવાનું /અમલ કરવાનો છે. ભાવનગર મહાનગરપાલીકાની લેખિત સંમતી મેળવ્યા સિવાય, કોન્ટ્રાકટર/ ટેન્ડર ભરનારે આ કોન્ટ્રાકટ અથવા તે પૈકીનો કોઈ ભાગ, સીધો અથવા આડકતરી રીતે અન્ય ના નામે ટ્રાન્સફર કે પેટા ફાળવણી કરવાની નથી.

૪૨) કોઈપણ કારણ બતાવ્યા સિવાય આ ટેન્ડર અથવા તેની કોઈપણ આઈટમના એક કરતાં વધુ ભાગ કરીને અન્ય કોન્ટ્રાકટર અથવા એજન્સી ને કામ આપી શકશે.

૪૩) ટેન્ડરનીચકાસણી સમયે, જરૂરી કલેરીફીકેશન ત્થા નેગોસીએશન રૂબરૂ હાજર રહી કરી આપવાનું છે.

૪૪) ભાવનગર મહાનગરપાલીકાની સક્ષમ સતાનો કોઈપણ કારણ બતાવ્યા સિવાય કોઈપણ ટેન્ડર સ્વિકારવા અથવા રદ કરવા અંગેનો અધિકાર અબાધિત રહેશે. અને લોએસ્ટ ભાવનુ ટેન્ડર સ્વિકારવા માટે પણ બંધનકર્તા નથી.

૪૫) કોઈપણ પ્રકારનુ એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે નહી.

૪૬) એસ્ટીમેટેડ (ટેન્ડર) ની કોઈપણ આઈટમની કવોન્ટીટીના કોઈપણ વેરીએશન સબબ કોઈપણ પ્રકારનો ભાવવધારો આપવામાં આવશે નહી.

૪૭) કોઈપણ પ્રકારના માલ સામાન, મટીરીયલ્સ કે ટ્રાન્સ્પોટેશન વગેરેનો કોઈપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

૪૮) કોઈપણ પ્રકારની વ્યાજની રકમની માંગણી કરી શકાશે નહી.

૪૯) સરકારશ્રી નાં વખતો વખત નાં બહાર પાડવા માં આવેલ મજુર કામદારોનાં કાયદા ઓ નું ચુસ્ત પણે કોન્ટ્રાકટરશ્રી દવારા અમલ કરવાનું રહે છે.

આ કામ માટે અમોએ ભરેલ ભાવો સમજી , વિચારી , પુરી માહિતી મેળવી , સ્થળ તપાસ કરી અને વિગતો મેળવીને ભરેલ છે. આ કામના ટેન્ડરની તમામ શરતો અમોએ વાંચેલ છે. આ કામ માટેની મહાનગરપાલિકાની શરતો અમોને કબુલ મંજુર છે. જે અમોએ નીચે અમારા સહી સિકકા કરી આપેલ છે.

**એજન્સીનુ નામ :–..........................................** **કોન્ટ્રાકટરશ્રી સહી :–...............................**

**તારીખ :–........................................................** **કોન્ટ્રાકટરનુ નામ :–.................................**